# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 1 | જ્યારે સરકારી કર્મચારી નિવૃત થાય કે રાજીનામું આપે કે તેને છુટા કરવામાં આવે ત્યારે તેની સેવાપોથી / સેવાપત્રક કે જે કચેરીમાં નિભાવવામાં આવે છે તે કર્મચારીને આપવા અંગેની શું જોગવાઈ છે? | ખાતાના વડાની મંજુરી લઈ આપી શકાય | આપી ન શકાય | કર્મચારીના વડા સ્વ વિવેકે આપી શકે | ઉપરોકત પૈકી કોઈ નહી | B |
| 2 | કાયમી જગ્યા પર કાયમી રીતે નિમણુંક પામેલા સરકારી કર્મચારી ક્યારે તે જગ્યા પરનો 'ધારણાધિકાર' ગુમાવે છે ? | રજા પર હોય ત્યારે | ફરજ મોકુફી પર હોય ત્યારે | રાજ્યેતર સેવા પર હોય ત્યારે | નોકરીમાં બરતરફ થયેલ હોય ત્યારે | D |
| 3 | એક વર્ષથી ઓછી નોકરી થયેલ હગામી સરકારી કર્મચારીએ નોકરીમાથી રાજીનામુ આપવા લેખીતમાં કેટલા દિવસમાં નોટીસ આપવાની હોય છે ? | એક માસ | એક અઠવાડિયુ | ત્રણ માસ | ચોક્કસ સમયગાળો નથી | B |
| 4 | કર્મચારીના તબીબી પ્રમાણપત્ર ઉપર નીચે પૈકી કોણ સહી કરશે ? | ખાનગી ડોક્ટર | જિલ્લાના સીવીલ સર્જન | આરોગ્ય અધિકારી | આયુર્વેદિક અધિકારી | B |
| 5 | સરકારી નોકરીમા કાયમી જગા પર કાયમી નિમણુક આપવામા આવે તે પહેલા અથવા નિમણુંકની તારીખથી કેટલા માસની નોકરી પુરી થાય તે પહેલા તબીબી પ્રમાણપત્ર રજુ કરવું પડે ? | એક માસ | છ માસ | એક વર્ષ | બે વર્ષ | B |
| 6 | ઉમેદવારની શારીરિક યોગ્યતાની તપાસણી અંગેના નિયમો 'ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-2002' ના ક્યા પરિશિષ્ટમાં આપેલ છે ? | પરિશિષ્ટ-1 | પરિશિષ્ટ-2 | પરિશિષ્ટ-3 | પરિશિષ્ટ-4 | C |
| 7 | સરકારે "મુદતી જગાઓ" તરીકે જાહેર કરેલ જગાઓની મુદતનો સમયગાળો કેટલો હોય છે ? | બે વર્ષ | ત્રણ વર્ષ | એક વર્ષ | પાંચ વર્ષ | B & D |
| 8 | સરકારી નોકરી માટે ઉમેદવારોની શારીરિક યોગ્યતાની તપાસણી અંગેના નિયમો ક્યા પુસ્તકમાંથી મળી શકશે ? | ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-2002 | ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-2002 | ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો-2002 | ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-2002 | A |
| 9 | જ્યારે સરકારી કર્મચારી નિવૃત્ત થાય/રાજીનામુ આપે કે તેમને છુટો કરવામાં આવે ત્યારે તેની સેવાપોથી/સેવાપત્રક જે કચેરીમાં નિભાવવામાં આવે છે તે કર્મચારીને આપવા અંગેની શું જોગવાઇ છે ? | ખાતાના વડાની મંજુરી લઇ આપી શકાય | કચેરીના વડા સ્વ-વિવેકથી આપી શકે | આપી ન શકાય | ઉપરોક્ત પૈકી કોઇ નહીં | C |
| 10 | જે નોકરી અથવા હોદ્દા ઉપરથી નિવૃત્ત થવા ઇચ્છતા સરકારી કર્મચારીની તેવી નોકરી કે હોદ્દા ઉપર નિમણુંક કરવા સક્ષમ સત્તાધિકારી એટલે......... | ખાતાના વડા | સરકાર | નિમણુંક સત્તાધિકારી | કચેરીના વડા | C |
| 11 | સરકારી રહેણાંકના આવાસોને સરકારી કર્મચારી સિવાયની વ્યક્તિઓને ભાડેથી/પટ્ટેથી આપવા અંગેની શી જોગવાઇ છે ? | ભાડાથી આપી શકાય | પટ્ટેથી આપી શકાય | ભાડાથી અથવા પટ્ટેથી આપી શકાય | ભાડાથી અથવા પટ્ટેથી આપી ન શકાય | C |
| 12 | સરકાર દ્વારા નક્કી થયેલ રહેણાંકના આવાસો માટેના ભાડાના વિભિન્ન દરો પૈકી સૌથી ઓછું ભાડું ક્યા પ્રકારના ભાડામાં હોય છે ? | આર્થિક ભાડું | ધોરણસરનું ભાડું | અધિકૃત ભોગવટાનું ભાડું | બજાર ભાડું | C |
| 13 | ગાંધીનગરના સિવાયના સ્થળ પર રહેણાંકના આવાસોનું વર્ગીકરણ (કક્ષા) તેના વપરાશી વિસ્તારના ક્ષેત્રફળ/તાબાના ક્ષેત્રફળ આધારિત હોય છે. જે અનુસાર રહેણાંકના મકાનો વધુમાં વધુ કેટલી કક્ષામાં હોય છે ? | પાંચ | છ | સાત | નવ | D |
| 14 | એક મથકેથી સરકારી કર્મચારીની બદલી થાય ત્યારે કર્મચારીને તૈયારી માટે નિયમાનુસાર કેટલા દિવસ મળશે ? | બે દિવસ | એક દિવસ | છ દિવસ | પાંચ દિવસ | C |
| 15 | ફરજ મોકુફી હેઠળના કર્મચારીની રજા મંજુરી માટે શું જોગવાઇ છે ? | એક માસ | ત્રણ માસ | રજા મંજુર ન થાય | માગે તેટલી રજા મળે | C |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 16 | કોઇપણ સરકારી કર્મચારીને નીચે પૈકી કોની મંજુરીથી ભારત બહાર પ્રતિનિયુક્તિ કરી શકાય ? | ખાતાના વડા | સરકાર | નિમણુંક અધિકારી | આ પૈકી કોઇ નહીં | B |
| 17 | વર્ગ-4 ના સરકારી કર્મચારીની નિવૃત્તિ વય કઇ છે ? | 58 વર્ષ | 60 વર્ષ | 62 વર્ષ | 64 વર્ષ | B |
| 18 | રાજ્યેતર સેવામાના સરકારી કર્મચારીઓના મહેનતાણાના નિયમન અંગેના સિદ્ધાંતો ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડવાના સમય, રાજ્યેતર સેવા,......., ........., ફરજ મોકુફી વગેરે) નિયમો-2002' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ-40 | નિયમ-41 | નિયમ-39 | આ પૈકી કોઇ નહીં | C |
| 19 | ફરજ મોકુફી હેઠળનાં કર્મચારીની રજા મંજુરી માટેની શી જોગવાઇ છે ? | એક માસ | ત્રણ માસ | રજા મંજુર ન થાય | માગે તેટલી રજા મળે | C |
| 20 | મૂળ નિર્વાહ ભથ્થામાંથી ફરજીયાત કપાતોમાં સમાવેશ ન થતો હોય તેવી કઇ કપાત છે ? | વ્યવસાય વેરો | ઘરભાડુ | આવક વેરો | જી.પી.એફ. પેશગીનો હપ્તો | D |
| 21 | ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, ફરજ મોકુફી વગેરે) નિયમો-2002 અંતર્ગત ક્યા નિયમમાં સરકારી કર્મચારીઓની રાજ્યેતર સેવામાં પ્રતિનિયુક્તિ અંગેની પ્રમાણભુત શરતો અને બોલીઓ અંગે જોગવાઇ થયેલ છે ? | નિયમ-40 | નિયમ-42 | નિયમ-41 | નિયમ-43 | A |
| 22 | ફરજ મોકુફી હેઠળના સરકારી કર્મચારીના નિર્વાહ ભથ્થામાંથી નીચે પૈકી કઇ કપાત વૈકલ્પિત કપાત તરીકે કર્મચારીની સંમતિથી કરી શકાય ? | આવકવેરો | ઘરભાડુ | વ્યવસાયવેરો | PLI નુ પ્રિમિયમ | D |
| 23 | "પરદેશમા પ્રતિનિયુક્તિ દરમિયાન સરકારી કર્મચારીના પગારનો વિદેશી ચલણમા પરવાનગી પાત્ર હિસ્સો, સરકાર વખતોવખત બહાર પાડે તેવા આદેશો હેઠળનો રહેશે" આ જોગવાઇ "ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, ફરજ મોકુફી વગેરે) નિયમો-2002" અંતર્ગત ક્યા નિયમમાં થયેલ છે ? | નિયમ-81 | નિયમ-83 | નિયમ-82 | નિયમ-84 | C |
| 24 | સરકારી સેવકની બદલી કરવામાં આવે ત્યારે "ફરજ પર જોડાવાના સમય" ની જોગવાઇ સાથે નીચે પૈકી ક્યો વિકલ્પ સુસંગત નથી ? | એક જ જિલ્લામાં બદલી થયેલ હોય તો એક દિવસ | નિકટવર્તી જિલ્લામાં બદલી થયેલ હોય તો બે દિવસ | ઉપરોક્ત "A" અને "B" સિવાયના પ્રસંગે બે દિવસ | આ નિયમના હેતુ માટે જાહેર રજાને દિવસ તરીકે ગણાતો નથી | D |
| 25 | નવી કચેરીમાંની કોઇ એક જગ્યા ઉપર કર્મચારીની નિમણુંક થતા એ જગ્યાએથી બીજે મથક રહેઠાણનું સ્થળ ફેરવવાનું જરૂરી ન બનતું હોય ત્યારે ફરજ પર જોડાવા માટે કર્મચારીને કેટલા દિવસ મળશે ? | એક દિવસ | બે દિવસ | સાત દિવસ | એક પણ નહિં | A |
| 26 | ફરજ મોકુફી હેઠળના કર્મચારીએ દર માસે નીચે પૈકી ક્યુ પ્રમાણપત્ર આપવું જોઇએ ? | ખાનગી નોકરી કે ધંધામાં રોકાયા નથી | મેડીકલ સર્ટી | હાજરીનું પ્રમાણપત્ર | રજાનું પ્રમાણપત્ર | A |
| 27 | સરકારી કર્મચારી સ્વવિનંતીથી બદલીની માંગણી કરે તો તેને નવી ફરજ પર જોડાવા માટે કેટલા દિવસ મળશે ? | એક દિવસ | પાંચ દિવસ | સાત દિવસ | આ ત્રણ વિકલ્પ પૈકી એકપણ નહિ | D |
| 28 | 'ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-2002' અંતર્ગત 10 વર્ષની સળંગ નોકરી કરેલ હોય તો તેને કેટલી અસાધારણ રજા મળવાપાત્ર થાય ? | મહત્તમ 12 માસ | મહત્તમ 24 માસ | મહત્તમ 36 માસ | કોઇ મર્યાદા નથી | A |
| 29 | રજા મેળવવા કે લંબાવવા માટે સરકારી કર્મચારીએ ક્યા નમૂનામાં અરજી કરવાની હોય છે ? | નમૂના-1 | નમૂના-2 | નમૂના-3 | આ પૈકી કોઇ નહીં | A |
| 30 | 'ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-2002' અંતર્ગત તબીબી મંડળની રચના અંગે ક્યા નિયમમાં જોગવાઇ થયેલ છે ? | નિયમ-32 | નિયમ-33 | નિયમ-34 | નિયમ-37 | A |
| 31 | સરકારી કર્મચારીએ પોતાની માંદગીના કારણોસર રજા પર જવા માટે રજા અરજી સાથે ક્યા નમૂનામાં અધિકૃત તબીબી અધિકારી દ્વારા રજા મંજુરી માટે ભલામણ કરતું પ્રમાણપત્ર રજુ કરવાનું હોય છે ? | નમૂના–3 | નમૂના–4 | નમૂના–5 | આ પૈકી કોઇ નહીં | A |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 32 | નીચે દર્શાવેલ પૈકી ક્યા સંજોગોમાં કર્મચારીની રજા મંજુર કરી શકાય ? | નોકરીમાંથી બરતરફ કરવાની શિક્ષાનો નિર્ણય લેવાયેલ હોય તે કર્મચારીની | નોકરીમાંથી ફરજીયાત નિવૃત્ત કરવાની શિક્ષાનો નિર્ણય લેવાયેલ હોય તે કર્મચારીની | નોકરીમાં ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ હોય તે કર્મચારીની | આ પૈકી કોઇ નહીં | D |
| 33 | અગાઉથી રજા પર હોય તે દરમિયાન/એક ખાતા કે કચેરીમાંથી અન્ય ખાતા કે કચેરીમાં બદલી થતા હાજર થવાનો સમય ભોગવતા હોય તે સમયગાળા દરમિયાન કર્મચારીની રજા મંજુર કરવાની, રજા લંબાવવાની અને એ રજાના પગારની ચુકવણી કરવાની જવાબદારી કોની છે ? | કર્મચારી જે ખાતા કે કચેરીમાં બદલીને જશે તે ખાતા કે કચેરીની | કર્મચારીની જે તે ખાતા કે કચેરીમાંથી બદલી થયેલ છે તે ખાતા કે કચેરીની | કર્મચારી જે ખાતા કે કચેરીમાં માંગણી કરે તે ખાતા કે કચેરીની | આ પૈકી કોઇ નહીં | B |
| 34 | તબીબી પ્રમાણપત્રના આધારે રજા મંજુર કરવામાં આવેલ હોય તે કર્મચારીએ ફરજ પર હાજર થતી વખતે ક્યા નમૂનામાં ફરજ પર જોડાવા યોગ્ય હોવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું હોય છે ? | નમૂનો-3 | નમૂનો-4 | નમૂનો-5 | આ પૈકી કોઇ નહીં | B |
| 35 | સરકારી કર્મચારીના માંદગી સબબ રજા પર જવાના કિસ્સામાં તે ક્યારે રજા પર જઇ શકશે ? | નિયત નમૂનામાં અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર મેળવીને | નિયત નમૂનામાં મેળવેલ અધિકૃત તબીબી અધિકારીના પ્રમાણપત્ર સાથે સક્ષમ અધિકારી પાસે રજા અરજી સાથે રજુ કરીને | ઉપરોક્ત (A) અને (B) મુજબ કાર્યવાહી કર્યા પછી સક્ષમ અધિકારી દ્વારા રજા મંજુરના થયેલ હુકમ પરથી | માત્ર સાદી અરજી કરીને | C |
| 36 | અનુસૂચિત જનજાતિઓ' ને ભારતનાં સંવિધાનની કઇ કલમમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે ? | કલમ-341 | કલમ-342 | કલમ-345 | કલમ-347 | B |
| 37 | ગુજરાત રાજ્યની મુલ્કી સેવાનું રાજ્ય સરકારે ક્યા વર્ગોમાં વર્ગીકરણ કર્યું છે ? | વર્ગ-1 | વર્ગ-1 અને વર્ગ-2 | વર્ગ-1, વર્ગ-2 અને વર્ગ-3 | વર્ગ-1, વર્ગ-2, વર્ગ-3 અને વર્ગ-4 | D |
| 38 | રાજ્ય સેવા કે તાબાની સેવા સીધી ભરતીથી વર્ગ-1 અથવા વર્ગ-2 ની સેવા અથવા જગા પર નિમાયેલા ઉમેદવારને કેટલા વર્ષથી મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવે ? | એક વર્ષ | બે વર્ષ | ત્રણ વર્ષ | આ પૈકી કોઇ નહીં | B |
| 39 | વર્ગ-3 ની સેવામા તમે નોકરી કરો છો. વર્ગ-3 ની સેવામા જ તમારી હાલની નીચલી જગા ઉપરથી ઉપલી જગામાં બઢતી મેળવવા માટે તમારે હાલની જગા ઉપર કેટલા વર્ષનો અનુભવ હોવો જોઇએ ? | પાંચ વર્ષ | ચાર વર્ષ | આઠ વર્ષ | ત્રણ વર્ષ | A |
| 40 | સરકારી નોકરીમા જોડાનાર ભારતના નાગરિકત્વ સબંધિ શરતો 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1967' ક્યા નિયમથી કરવામાં આવેલ છે ? | નિયમ-4 | નિયમ-3 | નિયમ-8 | નિયમ-7 | D |
| 41 | ઠરાવેલ વય મર્યાદાથી વધુ વય મર્યાદાવાળી વ્યક્તિને રાજ્ય સેવામાં નોકરીએ રાખવા કોની મંજુરી મેળવવી જોઇએ ? | ખાતાના વડાની | રાજ્ય સરકારની | નિમણુંક અધિકારીની | ગુજરાત જાહેર સેવા આયોગની | B |
| 42 | વર્ગ-1 અને વર્ગ-2 ની સેવાના અધિકારીશ્રીનો પ્રોબેશન પિરીયડ કેટલા વર્ષનો હોય છે ? | બે વર્ષ | એક વર્ષ | ત્રણ વર્ષ | છ માસ | A |
| 43 | સરકારી કર્મચારી બઢતીનો અસ્વીકાર કરવાના કારણો સહિતની અરજી કોને કરી શકે ? | નિમણુંક અધિકારીને | ખાતાના વડાને | સરકારને | વિભાગના વડાને | A |
| 44 | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ક્યા વર્ષથી અમલમાં આવ્યા ? | 1962 | 1967 | 1971 | 2002 | B |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 45 | "અનુસૂચિત જનજાતિઓ" ને ભારતના સંવિધાનની કઇ કલમમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે ? | કલમ-341 | કલમ-345 | કલમ-342 | કલમ-347 | C |
| 46 | ભારતના સંવિધાનની કઇ' કલમ હેઠળ 'ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-1971' તૈયાર કરવામાં આવ્યા છે? | કલમ-309 | કલમ-307 | કલમ-903 | કલમ-703 | A |
| 47 | ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-1971' ક્યારથી અમલમાં આવ્યા છે ? | 15 Aug 1971 | 26 Jan 1971 | 01 May 1960 | 10 Aug 1971 | A |
| 48 | સરકારી કર્મચારી પોતાના પુત્ર/પુત્રીના લગ્ન પ્રસંગે દહેજ (દાયજો) માંગે તો તે 'ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-1971' ના ક્યા ચોક્કસ નિયમનો ભંગ ગણાશે ? | નિયમ–13 | નિયમ–13(ક)(2) | નિયમ–13(1) | નિયમ–13(1)(2)(3) | B |
| 49 | સરકારી રાજ્ય પત્રી અધિકારીએ દર વર્ષે પોતાની સ્થાવર અને જગમ મિલ્કતની વિગત દર્શાવતું પત્રક ક્યારે ભરવાનું હોય છે ? | પહેલી જાન્યુઆરીના રોજ | પહેલી જુલાઇના રોજ | પહેલી એપ્રિલના રોજ | ૩૧મી ડિસેમ્બરના રોજ | A |
| 50 | સામાન્ય રીતે સરકારી નોકર જ્યારે પોતાની પત્ની સાથે રહેતો હોય ત્યારે અન્ય સ્ત્રી સાથે લગ્ન કે કોન્ટ્રાક્ટ કરે તો 'ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-1971' ના ક્યા ચોક્કસ નિયમ હેઠળ દોષિત ઠરશે ? | નિયમ–25 | નિયમ–26(2) | નિયમ–26 (ક) | આ પૈકી કોઇ નહી | B |
| 51 | એક સરકારી કર્મચારી સરકારની મજુરી વગર પોતે લખેલી બુક બહાર પાડે છે તો તેણે 'ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો-1971' ના ક્યા નિયમનો ભંગ કરેલ ગણાય ? | નિયમ–6 | નિયમ–7 | નિયમ–8(1) | નિયમ–8(2) | D |
| 52 | સરકારી કર્મચારીની સેવા પોથીમાં સામાન્ય રીતે કઇ બાબત/પ્રમાણપત્રની નોંધ કરવાની હોતી નથી ? | જન્મ તારીખના પ્રમાણપત્ર/દાખલાની નોંધ | શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્રની નોંધ | ચારિત્ર્ય અંગેના પ્રમાણપત્રની નોંધ | ખાતાકીય પરીક્ષાના પરીણામ અંગેની નોંધ | C |
| 53 | દરેક સરકારી કર્મચારીએ હંમેશા સંપૂર્ણ પ્રમાણિક રહેવું, ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી અને સરકારી કર્મચારીને છાજે તેવું વર્તન કરવું એવી જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (વર્તણુંક) નિયમો-1971' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ–3(1) | નિયમ–3(2) | નિયમ–3(3) | નિયમ–3(4) | A |
| 54 | સરકારી મહિલા કર્મચારીની સાથે જાતીય સતામણીની મનાઇ અંગેની જોગવાઇ ક્યા નિયમમાં થયેલ છે ? | નિયમ–3 (ક) | નિયમ–3 (ખ) | નિયમ–3 (ગ) | નિયમ–3 (ધ) | B |
| 55 | ગુજરાત મુલ્કી સેવા (વતણુંક) નિયમો-1971' ના ક્યા નિયમ મુજબ સરકારી કર્મચારી રાજકારણ અને ચુંટણીમાં ભાગ લઇ શકશે નહીં ? | નિયમ–4 | નિયમ–3 | નિયમ–5 | નિયમ–6 | C |
| 56 | ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો' કઇ તારીખના જાહેરનામાથી બહાર પાડવામાં આવ્યા છે ? | 15 ઓગષ્ટ 1971 | 10 ઓગષ્ટ 1971 | 10 ઓક્ટોબર 1967 | 01 મે 1960 | B |
| 57 | ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો' માં 'અપીલ' અને 'સમીક્ષા' સમીક્ષાને લગતા ક્યા નિયમો છે ? | નિયમો–1 થી 16 | નિયમો–17 થી 21 | નિયમો–22 થી 24 | નિયમો–17 થી 24 | D |
| 58 | ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-1971' ક્યારથી અમલમાં આવેલ છે ? | 15 મી ઓગષ્ટ, 1971 | 1 લી એપ્રિલ, 1971 | 1 લી જાન્યુઆરી, 1971 | 15 મી માર્ચ, 1971 | A |
| 59 | સરકારી કર્મચારીને કોઇપણ ગુન્હા હેઠળ કેટલા કલાકથી વધારે કસ્ટડીમાં રાખેલ હોય તો ફરજ મોકુફી કરવામાં આવશે ? | 24 કલાક | 48 કલાક | 90 કલાક | 120 કલાક | B |
| 60 | નાની શિક્ષા અને મોટી શિક્ષા એમ બંને મળી કુલ કેટલા પ્રકારની શિક્ષા નિર્ધારિત કરવામાં આવેલ છે ? | ત્રણ | પાંચ | આઠ | દસ | C |
| 61 | નીચે પૈકીનાં 'વળતર ભથ્થાં' માં સમાવેશ ન થતો હોય તેવો ક્યો વિકલ્પ છે ? | ડાંગ ભથ્થું, NPA, ઘરભાડા ભથ્થું | CLA, પ્રોજેક્ટ ભથ્થું, નોન પ્રેક્ટિસીંગ ભથ્થું | HRA, સ્થાનિક વળતર ભથ્થું, NPA | મુસાફરી ભથ્થું, દૈનિક ભથ્થું, તબીબી ભથ્થું | D |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 62 | તમે ડાંગ જિલ્લાના વતની છો અને તમે તાપી જિલ્લામાં નોકરી કરતા હો તો તમે 'ડાંગ ભથ્થું' મેળવવા હક્કદાર છો ? | હા | ના | ખાતાના વડાની મજુરી મળે તો | ઉપર પૈકી એકપણ નહિ | B |
| 63 | NPA કોને મળી શકે ? | જિલ્લા પંચાયતના કેળવણી નિરીક્ષકને | સરકારી નોકરીમા હોય તેવા તબીબી અધિકારીને | વિકલ્પ (A) અને (B) દર્શાવેલ બંનેને | ઉપરોક્ત પૈકી કોઇ નહિ | B |
| 64 | જાહેર સેવા આયોગ કે અન્ય ખાતાઓ તરફથી લેવામા આવતી પરીક્ષાઓમા કામ કરતા સરકારી કર્મચારીઓને આપવામાં આવતા માનદ વેતનની રકમ સ્વીકારવા માટે અધિકારીની મંજુરી લેવાની આવશ્યકતા નથી. આ જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો-2002' ના ક્યા નિયમમાં થયેલ છે ? | નિયમ–11 | નિયમ–15 | નિયમ–31 | નિયમ–49 | D |
| 65 | CLA મંજુર કરવાના હેતુસર રાજકોટ શહેર ક્યા જુથમાં આવે છે ? | A–1 | A | B–1 | B–2 | D |
| 66 | કર્મચારીની હંગામી બદલી દરમિયાન ઘરભાડા ભથ્થા તથા સ્થાનિક વળતર ભથ્થાની ચુકવણી અંગેની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થા) નિયમો-2002' ના ક્યા નિયમથી કરવામાં આવી છે ? | નિયમ–23 | નિયમ–22 | નિયમ–26 | નિયમ–13 અને નિયમ–15 | C |
| 67 | નીચે દર્શાવેલ પૈકી ક્યુ ભથ્થું 'મુસાફરી ભથ્થું' ન ગણાય ? | કાયમી મુસાફરી ભથ્થું | વાહન ભથ્થું | દૈનિક ભથ્થું | CLA | D |
| 68 | કાયમી મુસાફરી ભથ્થુ મેળવતા કર્મચારી જ્યારે પોતાના કાર્યક્ષેત્ર બહાર મુસાફરી કરે ત્યારે મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ મેળવવા અંગેની શી જોગવાઇ છે ? | કાયમી મુસાફરી ભથ્થાની સાથે મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ આકારી શકે છે | કાયમી મુસાફરી ભથ્થાના બદલામાં મુસાફરી ભથ્થુ તથા દૈનિક ભથ્થુ આકારી શકે છે | કાયમી મુસાફરી ભથ્થાના બદલામાં દૈનિક ભથ્થુ આકારી શકે છે | કાયમી મુસાફરી ભથ્થાની સાથે માત્ર દૈનિક ભથ્થુ આકારી શકે છે. | B |
| 69 | પરિવહન ભથ્થા' ભથ્થાની ચુકવણીમાં જે શહેરોનુ વર્ગીકરણ નિયત થયેલ છે તેમાં ક્યા બે વર્ગ / જુથના શહેરોને એક સરખુ પરિવહન ભથ્થુ મળવાપાત્ર થાય છે ? | A–1 અને B–1 | A–1 અને A | A અને B–1 | આ પૈકી કોઇ નહીં | B |
| 70 | જ્યારે સરકારી કર્મચારી/અધિકારીના મુખ્ય મથકની ગેરહાજરી 6 કલાકથી વધુ થતી ન હોય ત્યારે ક્યા દરે દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે ? | 100 % ના દરે | 75 % ના દરે | 50 % ના દરે | 30 % ના દરે | D |
| 71 | તમે ખાતાકીય પરીક્ષા આપવા માટે તા.૦૯/૦૨/૨૦૧૮ નાં રોજ 13.30 કલાકે તમારા મુખ્ય મથકથી નિકળ્યા છો. ખાતાકીય પરીક્ષા આપીને તમે તા.૧૧/૦૨/૨૦૧૮ નાં રોજ રાત્રિના 11.30 (અર્થાત 23.30) કલાકે તમારા મુખ્ય મથકે પહોંચો છો. જો તમને દૈનિક ભથ્થુ આપવાનું થતુ હોય તો નીચે પૈકી ક્યા વિકલ્પ અનુસારનું દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે ? | તા.૦૯ ફેબ્રુ.નું 30 %, તા.૧૦ફેબ્રુ.નું 100 % અને તા.૧૧ ફેબ્રુ.નું 50 % લેખે | તા.૦૯ ફેબ્રુ.નું 50 %, તા.૧૦ફેબ્રુ.નું 100 % અને તા.૧૧ ફેબ્રુ.નું 100 % લેખે | તા.૦૯ ફેબ્રુ.નું 100 %, તા.૧૦ફેબ્રુ.નું 30 % અને તા.૧૧ ફેબ્રુ.નું 50 % લેખે | તા.૦૯ ફેબ્રુ.નું 100 %, તા.૧૦ફેબ્રુ.નું 100 % અને તા.૧૧ ફેબ્રુ.નું 100 % લેખે | B |
| 72 | ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો-2002' અંતર્ગત પ્રતિહસ્તાક્ષર કરનાર નિયંત્રણ અધિકારીએ નિભાવવાના થતાં મુસાફરી ભથ્થા બીલ રજીસ્ટરમાં કઇ વિગતો હોવી જોઇએ ? | સરકારી કર્મચારીનું નામ અને હોદો | માંગણીનો મહિનો | પ્રવાસની તારીખો | ઉપરોક્ત તમામ | D |
| 73 | હંગામી જગ્યા એટલે શું ? | પગારનો અનિશ્ચિત દર ધરાવતી મર્યાદિત સમય માટે મંજુર થયેલ જગા | પગારનો નિશ્ચિત દર ધરાવતી અમર્યાદિત સમય માટે મંજુર થયેલ જગા | પગારનો અનિશ્ચિત દર ધરાવતી અમર્યાદિત સમય માટે મંજુર થયેલ જગા | પગારનો નિશ્ચિત દર ધરાવતી મર્યાદિત સમય માટે મંજુર થયેલ જગા | D |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 74 | ફરજ' માં કઇ બાબતનો સમાવેશ થતો નથી ? | સરકારી હુકમ મુજબ અધિકૃત તાલીમ/શિક્ષણનો સમયગાળો | તાલીમ/શિક્ષણ ની સમાપ્તી અને ફરજ સંભાળ્યા તારીખ વચ્ચેનો સમયગાળો | તાલીમની સમાપ્તી બાદ આવતી જાહેર રજાઓ | કર્મચારી રજા પર હોય તે દરમિયાન ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં પરીક્ષાના દિવસોનો સમયગાળો | D |
| 75 | કાયદા વિભાગની 'મુદતી જગ્યાઓ' તરીકે સરકારે જાહેર કરેલી જગ્યાઓની મુદતનો સમયગાળો કેટલો છે ? | પાંચ વર્ષ | ત્રણ વર્ષ | એક વર્ષ | બે વર્ષ | B |
| 76 | વધુ મહત્વની ફરજો / જવાબદારવાળી ન હોય તેવી બીજી જગ્યા પર કર્મચારીની નિમણુંક વખતે પગાર બાંધણી કરવાની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-2002' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ–11 | નિયમ–12 | નિયમ–13 | નિયમ–16 | C |
| 77 | સરકારી કર્મચારીને 'સ્ટેપીંગ અપ' નો લાભ આપી પગાર ફીક્સ કરવા અંગેની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-2002' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ-19 | નિયમ–21 | નિયમ–22 | આ પૈકી કોઇ નહીં | B |
| 78 | કર્મચારી દ્વારા પુરી પાડવામાં આવેલ ખોટી માહિતીના આધારે ક્ષતિયુક્ત બઢતી કે નિમણુંક થયેલ હોય તેવા કિસ્સામાં કર્મચારીને ચુકવવામાં આવેલ પગાર તથા ભથ્થાઓની વધુ ચુકવાયેલ રકમ વસુલવા અંગેની શી જોગવાઇ છે ? | કર્મચારી પાસેથી વસુલ કરી શકાય નહીં | કર્મચારી પાસેથી વસુલ કરવાની થાય | નિમણુંક અધિકારી ઉપરોક્ત (A) અથવા (B) પૈકી કોઇ એક નિર્ણય લઇ શકે | ખાતાના વડાને નિર્ણય માટે દરખાસ્ત મોકલવાની થાય | B |
| 79 | અધિકતમ તબક્કે સ્થગિત થયેલ બધા જ કર્મચારીઓને દર બે વર્ષે એક સ્થગિત ઇજાફો આપવાની જોગવાઇ છે. તે અંતર્ગત વધુમાં વધુ આવા કેટલા ઇજાફા આપી શકાય ? | બે ઇજાફા | ત્રણ ઇજાફા | ચાર ઇજાફા | કોઇ મર્યાદા નથી | B |
| 80 | ખાલી જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા બદલ કર્મચારી / અધિકારીને આપવામાં આવતો ખાસ પગાર/વધારાનો પગાર ક્યારે મળવાપાત્ર થાય ? | ખાલી જગ્યાનો સમયગાળો 10 દિવસ કરતા ઓછો હોય | ખાલી જગ્યાનો સમયગાળો 10 દિવસ કરતા વધુ અને 30 દિવસથી ઓછો હોય | વધારાનો હવાલો ઓછામાં ઓછો 30 દિવસ કરતા વધુ સમય સુધી સંભાળેલ હોય | ઉપરોક્ત પૈકી એક પણ નહિં | C |
| 81 | સરકારી કર્મચારીને પોતાની જગા/નિમણુંકની કામગીરી ઉપરાંત એક કે વધુ સ્વતંત્ર જગાનો હવાલો સોંપવામાં આવે ત્યારે અને આવી અન્ય જગા તેની જગાની તાબાની જગા હોય તો તેવી ફરજ માટે ખાસ પગાર મળવાપાત્ર થવા અંગેની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-2002' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ–45 અને નિયમ–46 | નિયમ–47 | નિયમ–49 | નિયમ–48 | A |
| 82 | ગુજરાત મુલ્કી સેવા નિયમો-2002' ના નિયમોના અર્થઘટન અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કોનો નિર્ણય આખરી ગણાય ? | નાણાં વિભાગ | સામાન્ય વહીવટ વિભાગ | જે તે વિભાગના વડા | આ પૈકી કોઇ નહીં | A |
| 83 | 'પગાર' એટલે શું ? | સુધારેલ પગાર ધોરણનો મૂળ પગાર અને તેમાં સ્થગિત ઇજાફાનો સમાવેશ | સુધારેલ પગાર ધોરણનો માત્ર મૂળ પગાર | સુધારેલ પગાર ધોરણનો મૂળ પગાર અને મોંઘવારી ભથ્થું | આ પૈકી એક પણ નહીં | A |
| 84 | પ્રવર્તમાન સમયમાં સામાન્યત: વર્ગ-4 ના સરકારી કર્મચારી સિવાયના દરેક કર્મચારી ક્યારે નિવૃત થાય છે ? | ખાતામાં દાખલ થયા તારીખથી 58 વર્ષની વય પુરી કરે તે દિવસે | જે માહિનામાં 58 વર્ષની વય પુરી કરે તે મહિનાની પહેલી તારીખે | જે માહિનામાં 58 વર્ષની વય પુરી કરે તે મહિનાની આખર તારીખે બપોર પહેલા | જે માહિનામાં 58 વર્ષની વય પુરી કરે તે મહિનાની આખર તારીખે બપોર પછી | D |

# પેપર - ૧ ( સેવા પ્રથા) FINAL Ans.Key(Published Dt : 19/02/2018)

| પ્રશ્ન નં | પ્રશ્ન | વિકલ્પ - A | વિકલ્પ - B | વિકલ્પ - C | વિકલ્પ - D | પ્રો. જવાબ |
|---|---|---|---|---|---|---|
| 85 | કોઇપણ સરકારી કર્મચારીની નિવૃત્તિ વય મર્યાદા લક્ષમાં લીધા વિના તેની નોકરીની મુદત કોણ લંબાવી શકે ? | કચેરીના વડા | ખાતાના વડા | સરકાર | મુદત લબાવવાની જોગવાઇ નથી | C |
| 86 | નિવૃત્ત થનાર સરકારી કર્મચારીના કિસ્સામા તેની વિરુદ્ધ ખાતાકીય કે અદાલતી કાર્યવાહી શરૂ કરેલ હોય અથવા ખાતાકીય કાર્યવાહી ચાલુ હોય ત્યારે કર્મચારીને ક્યા પ્રકારનું પેન્શન મંજુર કરી શકાય ? | નિવૃત્તિ વય પેન્શન | કુટુંબ પેન્શન | અશક્તતા પેન્શન | કામચલાઉ પેન્શન | D |
| 87 | બરતરફી, રુખસદ કે ફરજીયાત નિવૃત્ત પામેલા કર્મચારીને તેની મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવામાં આવે ત્યારે બરતરફી કે રુખસદ કે ફરજીયાત નિવૃત્તિનો સમયગાળો પેન્શનપાત્ર સેવા ગણવા અંગેની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-2002' ના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ? | નિયમ–30 | નિયમ–31 | નિયમ–32 | આ પૈકી કોઇ નહીં | B |
| 88 | ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-2002' અન્વયે 'પેન્શનપાત્ર પગાર' એટલે...... | નિવૃત્તિના છેલ્લા માસમાં મળેલ પગાર | નિવૃત્તિના છેલ્લા વર્ષમાં મળતો સરેરાશ પગાર | સરકારી કર્મચારીએ છેલ્લા દશ માસની સેવા દરમિયાન મેળવેલ સરેરાશ પગાર | આ પૈકી કોઇ નહીં | C |
| 89 | સરકારી કર્મચારીને તેની ગેરવર્તણુંક, નાદારી કે બીનકાર્યક્ષમતા બદલ નોકરીમાંથી દુર કરવામાં આવે તો તેને ક્યા પ્રકારનું પેન્શન મંજુર કરવામાં આવે છે ? | કુટુંબ પેન્શન | વળતર પેન્શન | અશક્તતા પેન્શન | રહેમિયત પેન્શન | D |
| 90 | કાયમી/પૂર્ણત: અશક્તતા જણાતી ન હોય તેવા કિસ્સામાં વધુ સેવા માટે અંશત: અયોગ્યતા બાબતના તબીબી પ્રમાણપત્ર ક્યા નમૂનામાં નિયત થયેલ છે ? | નમૂનો–5 | નમૂનો–3 | નમૂનો–6 | નમૂનો–8 | C |
| 91 | ઘા અથવા ઇજા પેન્શન સંબંધે તબીબી મંડળ દ્વારા ક્યા નમુનામાં પ્રમાણપત્ર આપવાનું હોય છે ? | નમૂના–6 | નમૂના–8 | નમૂના–7 | નમૂના–9 | B |
| 92 | રાજ્ય પત્રિત અધિકારીએ નોમીનેશન ફોર્મ કોને મોકલવાનું હોય છે ? | સંબંધિત કચેરીના વડાને | સંબંધિત ખાતાના વડાને | એ.જી.કચેરીને | સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીને | B |
| 93 | સરકારી કર્મચારી જ્યારે નોકરીમાં દાખલ થાય ત્યારે ક્યા નમૂનામાં કુટુંબની વિગતો તેના કચેરીના વડા/ખાતાના વડાને પુરી પાડવાની હોય છે ? | નમૂના–12 | નમૂના–13 | નમૂના–14 | નમૂના–15 | B |
| 94 | નિવૃત્તિ બાદ એક વર્ષ પછી તબીબી તપાસ બાદ પેન્શનનાં રૂપાંતર માટે પેન્શનરે ક્યા નમૂનામાં અરજી કરવાની હોય છે ? | નમૂનો–15 | નમૂનો–16 | નમૂનો–17 | નમૂનો–18 | B |
| 95 | પેન્શન પાછું લેવાનું કે મોકુફ રાખવાનો સરકારનો અધિકાર હોવા બાબતની જોગવાઇ 'ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-2002' ના ક્યા નિયમમાં થયેલ છે ? | નિયમ–22 | નિયમ–23 | નિયમ–24 | નિયમ–25 | C |
| 96 | કેટલા વર્ષની ઉંમર પ્રાપ્ત કર્યા પછી સરકારી કર્મચારીએ કરેલ નોકરી જ પેન્શન પરત્વે ગણાવામાં આવે છે ? | 18 વર્ષ | 28 વર્ષ | 58 વર્ષ | 60 વર્ષ | A |
| 97 | પેન્શન પાત્ર પગાર માટે નીચે પૈકી ક્યુ સાચું છે ? | છેલ્લા દસ માસના પગારની સરેરાશ | છેલ્લા વર્ષના પગારની સરેરાશ | છેલ્લા પગારના 50 ટકા | છેલ્લા પગાર જેટલું | A |
| 98 | પેન્શનના પ્રકાર કેટલા છે ? | ચાર | પાંચ | છ | સાત | D |
| 99 | સરકારી કર્મચારીએ તેના કુટુંબની વિગતો 'ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-2002' માં જણાવ્યા મુજબ ક્યા નમુનામાં આપવાની રહેશે ? | નમુનો–11 | નમુનો–12 | નમુનો–13 | નમુનો–14 | C |
| 100 | સરકારી કર્મચારી તેના પેન્શનના કેટલા ટકા જેટલી રકમથી વધુ નહીં તેટલી રકમના હિસ્સાનું ઉચ્ચક રોકડમાં રૂપાંતર કરાવવા હક્કદાર છે ? | 40 ટકા | 50 ટકા | 60 ટકા | 70 ટકા | A |